સત્યમેવ જયતે

આંક–૧૫

**:: નમુના – અ ::**

**વંથલીના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.**

**રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૫/૦૫/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૫૮/૨૦૨૬** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહી. કલમ–૬૫ એએ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૬૮૨૬૦૦૭૧/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | વંથલી. |
| ફરીયાદ પક્ષ | સરકારી શ્રી /મુળ ફરીયાદી – ભગીરથસિંહ જગતસિંહ વાળા |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | શેરબાનુ મામદભાઇ મકવાણા ઉ.વ.આ.૩૮, ધંધો–ઘરકામ, રહે.સાતલપુર, બંટીયા ફાટક પાસે, તા.વંથલી. |
| રજુઆત | વિ. વ. શ્રી વી. યુ. વદર. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૮/૦૧/૨૦૨૬ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૮/૦૧/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૫/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપક ડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શેરબાનુ મામદભાઇ મકવાણા | ૦૧/૦૨/૨૦૨૬ | ૦૧/૦૨/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૦૧/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૨/૨૦૨૬ |

## :: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૦૭) | પ્રવિણભાઇ નથુભાઇ વાણવી | પંચ |
| ફ. સા. ૨(આંક-૧૦) | નરેન્દ્રભાઇ દેવરાજભાઇ હુણ | ત.ક.અ. |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૮ | પંચનામું. |
| ૨ (ફ.સા.૦૨) | ૧૧ | ફરીયાદ. |
| ૩ (ફ.સા.૦૨) | ૧૨ | એફ. એસ. એલ. રવાનગી નોંધ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :-

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

**-:: ચુકાદો ::-**

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૨૮/૦૧/૨૦૨૬ કલાક.૧૧/૪૫ વાગ્યે વંથલી તાબાના સાંતલપુરધારે પોતાના કબજા ભોગવટાના મકાનની ઓસરીમાં ગે. કા. દેશી દારૂ લીટર આશરે ૦૩ કિ. રૂા.૬૦૦/- નો પ્રોહી મુદામાલ રાખી રેઇડ દરમ્યાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુન્હો કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૬૦૦૭૧ ૨૦૨૬ ગુન્હાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી. કલમ-૬૫ એએ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ-૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી આંક-૦૫ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઇન્કાર કરી ગુન્હો

કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તેના પર ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે અને બાદ દલીલો સાંધળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૮/૦૧/૨૦૨૬ કલાક.૧૧/૪૫ વાગ્યે વંથલી તાબાના સાંતલપુરધારે પોતાના કબજા ભોગવટાના મકાનની ઓસરીમાં ગે. કા. દેશી દારૂ લીટર આશરે ૦૩ કિ. રૂા.૬૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી પાછળથી પકડાઇ જઇ પ્રોહી. કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો તહોમત મુકેલ છે. આમ, ફરીયાદ પક્ષે પુરાવાથી આરોપી સામેનું તહોમત પુરવાર કરવું પડે. ફરીયાદ પક્ષ્ના પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા ગુજરાત હાઈકોર્ટ દવારા State Vs.Yadvendrasing ( 2016(4)( GLR

3159) ના કિસ્સામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત ધ્યાને લેવા ખુબ જરૂરી છે. તે ચુકાદાનો પેરા નં.–૧૦ નીચે મુજબ છે.

**(10.) On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose 4 during the investigation the labels indicating the brand of such liquor. However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.**

(૦૯) આમ, હાલના કેસમાં બે સ્વતંત્ર સાહેદ એટલે કે, પંચોને છોડી તમામ પોલીસ સાહેદ છે. ફરીયાદ પક્ષે પંચ પ્રવિણભાઇ નથુભાઇ મણવરને આંક–૦૭ થી તપાસેલા છે. આ બન્ને સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી અને આંક–૦૮ ના પંચનામામાં તેમની માત્ર સહી ઓળખી બતાવે છે. આમ પંચનામું બી. એસ. એ. ની કલમ–૬૫ મુજબ માત્ર સહી પુરતું પુરવાર થાય છે. આરોપીના કબજામાંથી પ્રોહીબીશન મુદામાલ મળી આવેલ હોય તેવું પંચોના પુરાવાથી પુરવાર થતું નથી.

(૧૦) ફરીયાદ પક્ષ દવારા આંક–૧૦ થી ત.ક.અમલદારને તપાસેલા છે. તેઓ ફરીયાદ પક્ષને સમર્થનકારી જુબાની આપે છે. તપાસ કરનારનાં પુરાવા મુજબ બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર હતો પણ પોલીસ સાહેદ સિવાય બીજા કોઇ કોઇનાં નિવેદન લેવામાં આવેલ નથી. વધુ પંચ આંક–૦૮ ના પંચનામાને સમર્થન આપતા નથી તેથી આરોપીના પ્રત્યક્ષ કબજા એટલે કે, conscious possession માંથી પ્રોહી મુદામાલ મળી આવેલ હોય તેવું માની શકાય નહી. ત્યારે આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર થતો નથી. વધુ રેકર્ડ પરના પુરાવામાં Gujarat Prohibition (Liquor Sample & Determination of Quantity of Seized Liquor) Rules, 2012 ના Rule 3 & 4 ના રૂલ્સનો અમલ થયેલ હોય તેવું ફલીત થતું નથી. આમ, આવા તપાસના આધારે આરોપી

સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી. વધુ ફરીયાદ મુજબ પણ આરોપી બનાવ સ્થળે હાજર હતા નહી.

**(૧૧)** આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા State Vs. Yadvendrasing ( 2016(4) ( GLR 3159) (૧) ના કિસ્સામાં આપેલ ચુકાદા મુજબ આવી તપાસના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુ પંચો પંચનામાને સમર્થન આપતા નથી અને ફરીયાદ પક્ષના કેસને બીજું કોઇ સમર્થન મળતું નથી. આમ, તમામ સંજોગો જોતાં આરોપીના conscious possession માંથી મુદામાલ દારૂ મળી આવેલ હોય તેવું પુરવાર થતું ન હોય મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** આ કામના આરોપી શેરબાનુ મામદભાઈ મકવાણાનાઓને પ્રોહી. એકટની કલમ–૬૫ એએ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યેથી મુદામાલનો નાશ કરવો.

**(૩)** હાલના આરોપીને અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૫ મી માહે મે સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૨૫/૦૫/૨૦૨૬

**(એલ. આઇ. ઇંગલે)**
**એડી. ચીફ જયુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**